સને ૨૦૧૩–૧૪ ના આયોજન હેઠળના
સ્થાઈખર્ચને વહીવટી મંજુરી આપવા બાબત.
**– જમીન સંપાદન માટે વળતરની ચૂકવણી.**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બજટ/૨૦૧૩/૫૮૧(૫)/લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :–૩૦/૩/૨૦૧૩.

**વંચાણે લીધા :**

૧. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગાંધીનગરનો તા.૨૨/૧૨/૨૦૧૨ નો પત્ર ક્રમાંકઃ જમન–૧/૬/૬૫૪/૨૦૦૯/૨૧૧૦.

**ઠરાવ :**

પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના મકાનો બનાવવા માટે જે તે જિલ્લા કક્ષાએ જમીન ઉપલબ્ધ થાય તથા પોલીસ મહાનિદેશકશ્રી દ્વારા સંબંધિત નાણાંકીય વર્ષ માટે આવા કામોની અગ્રતાયાદી તૈયાર કરવામાં આવે અને તે માટે જરૂરી નાણાં સરકારશ્રી તરફથી છુટા કરાયા બાદ પોલીસ આવાસ નિગમ દ્વારા બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવે છે. જે તે જિલ્લા કક્ષાએ સૌ પ્રથમ સંબંધિત પોલીસ અધિક્ષકશ્રીના નામે જમીનની તબદિલી કરાવવાની હોય છે. જો આવી જમીન ઉપલબ્ધ ન હોય તો અન્ય વિભાગ હસ્તકની/બોર્ડ કોર્પોરેશન હસ્તકની કે ખાનગી સંસ્થાની જમીન સંપાદન કરવાની થાય છે. આવી જમીન સંપાદન કરવા માટે જે તે જીલ્લા સ્થિત જમીન મુલ્યાંકન ખાતા દ્વારા નકકી કરવામાં આવતી રકમ સબંધિત જમીન માલિકને ચુકવવાની થાય છે. નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ ના અંદાજપત્રમાં આયોજન હેઠળ રૂા. ૪૪,૫૨,૫૨,૦૦૦/–ની (અંકે રૂપિયા ચુંવાળીસ કરોડ બાવન લાખ બાવન હજાર પુરા) જોગવાઈને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવેલ છે.

(૧) સને ૨૦૧૩–૧૪ ની જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતાં ધારા ધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી તથા સંબીધત પોલીસ અધિક્ષકશ્રીએ સૂચિત યોજના અંગેનું અસરકારક મોનીટરીગ કરવાનું રહેશે. અને યોજનાનો મૂળ હેતુ જળવાય તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.

(૪) સમયસર કામ પૂર્ણ થાય તેની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી/સબંધિત પોલીસ અધિક્ષકની કચેરીને રહેશે.

(૫) અંદાજીત રકમમાં જો વધારો થાય તો નાણા વિભાગની મંજુરી અચુકપણે લેવાની રહેશે.

(૬) આ યોજના અંગેનું ખર્ચ તા.૧/૪/૨૦૧૩ પછી જ કરવાનું રહેશે.

૨. જે તે જિલ્લાના પોલીસ અધિક્ષકશ્રીને ફાળવવામાં આવનાર ઉક્ત રકમ આ વિભાગના ઉપસચિવશ્રીની પ્રતિસહીથી ઉપાડવાની રહેશે.

૩. આ અંગેની રકમમાંથી કરવામાં આવતા ખર્ચની વિગતવાર માહિતી આપતા પત્રકો તે પછીના મહીનાની દશમી તારીખ સુધીમાં આ વિભાગની લ-શાખા તથા ર-શાખા (બજેટ શાખા)ને મોકલી આપવાના રહેશે.

૪. આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ ચાલુ વર્ષમાં થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૪૬ (આયોજન હેઠળ) |
| મુખ્ય સદર | : | ૪૦૫૫ પોલીસ અંગે મૂડી ખર્ચ જોગવાઈ |
| ગૌણ સદર | : | (૮૦૦) અન્ય ખર્ચ |
| પેટા સદર | : | (૦૪) જમીન સંપાદન માટે વળતરની ચૂકવણી. |
| હેડ ચાર્જેબલ | : | ૪૦૫૫ ૮૦૦ ૦૪ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૩/૩/૨૦૧૩ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**( હસમુખ પટેલ)**
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

**<u>નકલ રવાના:</u>**

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ., ગાધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
- નાણા સલાહકારશ્રી,(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નાણાં વિભાગ,અ-શાખા, સચિવાલય,ગાંધીનગર.
- ગૃહ વિભાગ, વ અને ર-શાખા, સચિવાલય, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર
- વીમા નિયામકશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઈલ
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.